# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,

ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર-૬ બીજો-ત્રીજો માળ
જુના સચિવાલય ગાંધીનગર
ફોન: (૭૯) ૨૩૨૫૧૩૬૩, ૨૩૨૫૧૩૬૫

નં. સંકલન/covild-19/કામગીરી/૨૦૨૦/૨૯૭૯

1 JUN 2020

પ્રતિ,
આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ.શ્રી
તમામ

વિષય: આર.ટી.ઓ. કચેરી ખાતે લોક-ડાઉન બાદ કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા સારું Social-distancing જાળવવા બાબત

સંદર્ભ:- (૧) Government of India Ministry of Home Affairs, New Delhi Order No.40-3/2020-DM-I(A), Dt.17/05/2020
(૨) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક-જીજી/૨૭/૨૦૨૦/ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૮/૦૫/૨૦૨૦
(૩) ગુજરાત સરકારના સા.વ.વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૨૦/ ૫૦૧/ટ, તા.૧૯/૦૫/૨૦૨૦

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, ભારત સરકારશ્રીના સંદર્ભ (૧) હેઠળના તા.૧૭/૦૫/૨૦૨૦ના આદેશ અને ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ તથા સા.વ.વિભાગના સંદર્ભ (૨) અને (૩) અન્વયે સરકારી કચેરીઓનુ કામકાજ શરૂ કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓ અંતગર્ત આર.ટી.ઓ. કચેરીનુ કામકાજ **તા.૦૪/૦૬/૨૦૨૦ના રોજથી** શરૂ કરવાનુ નિયત થયેલ છે. આ બાબતે આરટીઓ કચેરી ખાતે આવતા અરજદારો તથા કર્મચારીઓને covid-19 ના વાઈરસનું સંક્રમણ થાય નહી તેમજ આરટીઓ ખાતે નાગરીક સેવાઓને વધારે વ્યવસાયી લક્ષી બનાવવા માટે નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

**(અ) લોકડાઉન પૂર્ણ થયા બાદ આરટીઓ/એઆરટીઓ કચેરીઓને કાર્યરત કરવા પૂર્વ તૈયારીની માર્ગદર્શક સૂચનાઓ**

૧) આર.ટી.ઓ. કચેરીની બહાર અરજદારોની એપોઈમેન્ટને લક્ષમાં રાખી સફેદ ચોક/ચુના દ્વારા દર ૧ મીટરના અંતરે ગોળ સર્કલ કરવાના રહેશે.

૨) આ સર્કલમાં અરજદારને લાઈનમાં ઉભા રાખવા માટે જી.આઈ.એસ.એફ.એસ.ના જવાનોનો ઉપયોગ કરવાનો રહેશે.

૩) ગોળ સર્કલ માટે અગાઉથી જરૂરિયાત મુજબ ચોક/ચુનો ખરીદવાનો રહેશે કે જેથી જ્યારે લોક-ડાઉન પુર્ણ થાય અને અરજદારો આર.ટી.ઓ કચેરી ખાતે આવે ત્યારે સફેદ ચોકના સર્કલ તૈયાર હોય.

૪) મુખ્ય પ્રવેશદ્વાર પર અરજદારે પ્રવેશ લીધો હોય ત્યારે જનસંપર્ક અધિકારી/ક્લાર્ક, આઈ.એમ.વી,એ.આઈ.એમ.વી ના માર્ગદર્શન હેઠળ પ્રવેશદ્વારથી જ અરજદારોની કામગીરીનુ માર્ગદર્શન, શાખા, માળ અને ટેબલ મળી રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫) અરજદાર જ્યારે આર.ટી.ઓ. કચેરીમાં મુલાકાત લે ત્યારે હેન્ડ સેનેટાઈઝરની સુવિધા ઉપલબ્ધ કરાવી હાથની સફાઈ કરાવ્યા બાદ જ કચેરીમાં પ્રવેશ આપવાનો રહેશે.

૬) કચેરીના પ્રવેશ વખતે અરજદાર થર્મલઇંફ્રારેડ ડીવાઇસ ધ્વારા સ્ક્રીનીંગ કરવાનુ રહેશે. કોઈપણ અરજદારને સામાન્યતઃ કરતા વધારે શરીરનુ ઉષ્ણતામાન જણાય તો કચેરીમાં પ્રવેશ આપવાનો રહેશે. નહીં.

૭) કોઈ કર્મચારી કે અધિકારી સમક્ષ અરજદાર ઉપસ્થિત થાય ત્યારે પણ એક મીટરની મર્યાદામાં Social-distancing જાળવવાનું રહેશે. કોઈપણ કર્મચારી સમક્ષ એક કરતા વધારે માણસો ઉપસ્થિત ના રહે તે જી.આઈ.એસ.એફ.એસ.ના જવાનો મારફત સુનિશ્ચિત કરવાનું રહેશે.

૮) કોઈપણ કર્મચારી જ્યારે અરજદાર સંબંધિત કામગીરી કરતા હોય ત્યારે સેનેટાઈઝેશન, હેંડ ગ્લોવ્ઝ અને માસ્ક સાથે કામગીરી કરે તે ફરજીયાત છે.

૯) આર.ટી.ઓ કચેરી એ સંબંધિત મહાનગરપાલિકા અને નગરપાલિકાના પરામર્શમાં રહી દૈનિક ધોરણે સવારે અને સાંજે કચેરીમાં દવાઓનો છંટકાવ કરાવવાનો રહેશે.

૧૦) કચેરીના સાધન સામગ્રી, ફર્નિચર, બારી-બારણા, હેંડલ , સીડી-પગથિયા ની સફાઈ અંદર અને બહાર સહિત જે તે આર.ટી.ઓ કચેરીએ કરવાની રહેશે.

૧૧) અરજદારના પ્રવેશ માટે નીચે મુજબની ઓનલાઇન એપોઇમેન્ટ પધ્ધતિ અપનાવવામાં આવેલ છે.

<u>(બ) ઓન લાઇન એપોઇન્ટમેન્ટ પધ્ધતિ</u>

(૧) વાહન અને લાયસન્સ સંબંધિત કામગીરી માટે ઓન લાઇન એપોઇમેન્ટ પધ્ધતિ ફરજિયાત કરવામાં આવે છે.આ ઓનલાઇન એપોઇમેન્ટ પધ્ધતિમાં અરજદારે કચેરી ખાતે ફરજીયાત હાજર રહેવાનુ છે,અરજદાર જો ગેરહાજર રહેશે તો અરજદારે ફરીવાર એપોઇમેન્ટ લેવાની રહેશે.

(૨) શિખાઉ લાયસન્સ ઇસ્યુ કરવાની કામગીરી આઇ.ટી.આઇ. કક્ષાએથી થતી હોય જે શહેરો કે નગરપાલિકા વિસ્તારના કન્ટેન્ટમેન્ટ વિસ્તાર અને કોવીડ-૧૯ના ક્વોરેન્ટાઇન સેન્ટર જાહેર કરેલ હોય તેવી આઇ.ટી.આઇ. ખાતે એપોઇન્ટમેન્ટ ઉપલબ્ધ થશે નહીં. તેમજ શિખાઉ લાયસન્સની કામગીરી થશે નહીં.

(૩) ઓનલાઇન એપોઇમેન્ટ મેળવવવી ફરજીયાત છે. અને જે અરજીઓ એપોઇમેન્ટમાં ઓનલાઇન ઉપલબ્ધ નથી તેવી વાહન અને ડ્રાઇવીંગ લાયસન્સ સંબંધિત અરજીઓની વિગત આ સાથેના **પરિશિષ્ટ-૨ માં** સામેલ રાખેલ છે.

(૪) એપોઇમેન્ટ Non Faceless સેવાઓ માટે છે. જે સેવાઓ Faceless છે તેના માટે અરજદારે આરટીઓ કચેરી ખાતે મુલાકાત લેવાની રહેશે નહીં. આમ છતાં Faceless સેવાઓ માટે પણ મુલાકાત લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો અગાઉ ઓનલાઇન એપોઇમેન્ટ મેળવીને જ મુલાકાત લેવાની રહેશે.

(૫) જે સેવાઓ ઓન લાઇન ઉપલબ્ધ નથી તે માટે ઓનલાઇન એપોઇમેન્ટ મેળવવાની રહેશે નહીં. જેવી કે, RMA - આંતર રાજય વાહન માલિકી તબદીલી અને R.C. Cancel, ડી.એ., પરત થયેલ આર.સી. મેળવવા માટે વિગેરે.

(૬) એચ.એસ.આર.પી.ફીટમેન્ટ માટે અન્ય સૂચનાઓ ન મળે ત્યાં સુધી કામગીરી આરટીઓ કચેરીએ બપોરના ૩-૦૦ કલાક બાદ અરજદારોએ આવવાનું રહેશે. HSRP Fitmentની કામગીરી માટે M/S. FTA HSRP Solution Pvt. Ltd. ઓનલાઇન એપોઇન્ટમેન્ટ મોડયુલમાં એપોઇન્ટમેન્ટ ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(૭) આરટીઓ કચેરી બિલ્ડીંગમાં અરજદારોને એપોઇમેન્ટના પંદર મિનિટ અગાઉ જ પ્રવેશની મંજુરી મળશે.

(૮) આરટીઓ કચેરીમાં પ્રવેશ માટે અરજદારે ઓન લાઇન અપોઇમેન્ટ લીધાના મંજુરી પત્રની હાર્ડ કોપીમાં અથવા મોબાઇલમાં ડાઉનલોડ કરેલ, ફોટો પાડેલ નકલને પણ પ્રવેશ માટે માન્ય રાખવાની રહેશે. અને જેના આધારે મુખ્ય પ્રવેશ ધ્વારથી જ ખાતરી કર્યા બાદ આરટીઓ ધ્વારા અરજદારને પ્રવેશ આપવામાં આવશે.

(૯) અમદાવાદ આરટીઓ ખાતે અરજીઓના સ્વીકારવા અને નિકાલ માટે પધ્ધતિ વિકસાવવામાં આવેલ છે. આ પધ્ધતિનો અમલ બાકીના તમામ આરટીઓ/એઆરટીઓ કચેરીઓએ કરવાનો રહેશે.

(૧૦) ઓન લાઇન થયેલ અરજીઓની એપ્રુવલ થશે તે સિવાયની અન્ય કોઇ અરજીઓની એપ્રુવલ થશે નહીં (સિવાય કે, RMA - આંતર રાજય વાહન માલિકી તબદીલી અને R.C. Cancel). તેનુ

આરટીઓ કચેરી અને અરજદારોએ ખાસ ધ્યાને લેવાનુ રહેશે. અને અરજદારોને વાકેફ કરવાના રહેશે જેથી ઘર્ષણ ટાળી શકાય.

(૧૧) ઓન લાઇન એપોઇમેન્ટનો પ્રોસેસ ફલો આ સાથેના **<u>પરિશિષ્ટ-૧</u>** ઉપર રાખવામાં આવેલ છે. તેમજ આ પ્રોસેસ ફલો અત્રેની કચેરીની વેબ સાઇટ – <u>www.cot.gujarat.gov.in</u> ઉપર રાખવામાં આવેલ છે.

(૧૨) ડી.એ.ના કેસો માટે જયારે કોઇ અજરદાર આરટીઓ/એઆરટીઓ કચેરીની મુલાકાત લે ત્યારે ડી.એ. કેસના નિકાલ માટે અલગ વિન્ડો, કેશ કાઉન્ટર તેમજ છાયડા માટે સમિયાણા/મંડપની વ્યવસ્થા કરવાની રહેશે. Social-distancing માટે ગોળ સર્કલ કરવાના રહેશે. અને અલગથી પીવાના પાણીની સગવડ ઉપલબ્ધ કરવાની રહેશે. રોકડ નાણા સ્વીકારવામાં આવે ત્યારે હાથ મોજા, સેનીટાઇઝર, માસ્ક ફરજીયાત પહેરવાનુ રહેશે. રોકડ નાણાકીય લેવડ દેવડમાં મહત્તમ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૧૩) ઓન લાઇન એપોઇમેન્ટ મેળવવાની જિલ્લાવાર અરજીઓની સંખ્યા આ સાથેના **<u>પરિશિષ્ટ-૩</u>** ઉપર છે. આ સંખ્યા આખરી નથી. પરંતુ Dynamic છે.કોરોના વાઇરસની પરિસ્થિતિને લક્ષમાં રાખી સંખ્યામાં વધારો- ઘટાડો કરવામાં આવશે. આ એપોઇમેન્ટનો કવોટા મોટા જિલ્લાના આરટીઓના પરામર્શમાં નકકી થયેલ છે. એપોઇમેન્ટ સંબંધિત કવોટા જે તે આરટીઓએ તેઓના વાહન અને સારથીના એડમીન એકાઉન્ટમાંથી નિયત કરવાના રહેશે.

(૧૪) લોકડાઉન ઓપન થયા બાદ આરટીઓ કચેરીમા અરજદારોનો ધસારો થશે તે માટે મોટી આરટીઓ કચેરી ખાતે ધસારાને લક્ષમાં રાખી અરજદારો માટે સમિયાણા/મંડપની વ્યવસ્થા તથા કચેરીમાં પીવાના પાણી અને હોલમાં બેસવાની સુવિધા ઉપલબ્ધ કરવા આરટીઓને જણાવીએ.

ધસારાને પહોંચી વળવા માટે ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક ઉપરનો કામકાજનો સમય **તમામ જિલ્લાઓ માટે સવારના ૯-૦૦ થી સાંજના ૬-૩૦ કલાક સુધી અને અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર, મહેસાણા, બનાસકાંઠા, ભૂજ, ભાવનગર આરટીઓ કચેરી ખાતે શનિવાર અને રવિવારે પણ સવારના ૯-૦૦ થી સાંજના ૬-૩૦ કલાક સુધી ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત રહેશે.** શનિવાર અને રવિવારના રોજ ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક પર કામ કરતાં અધિકારીઓ/કર્મચારીઓને અવેજમાં રજા આપવા માટે આરટીઓ/એઆરટીઓને અધિકૃત કરીએ.

(૧૫) વધુમાં ઓન લાઇન એપોઇમેન્ટ લઇને આવેલ અરજદારોને ખૂબ ઓછા સમયમાં અને નિયત થયેલ સમય અને તારીખે કામગીરી પૂર્ણ થાય તેનુ ખાસ ધ્યાન રાખવાનુ રહેશે. અન્યથા અરજદારોમાં હતાશા અને સ્ટાફ સાથે બિન જરૂરી ઘર્ષણ ઉપસ્થિત થશે.

(૧૬) આરટીઓ ખાતે અરજદાર જયારે આવે ત્યારે અરજદારની મુવમેન્ટ કામગીરી મર્યાદિત થાય તે જરૂરી છે જેથી અરજીનો પ્રોસેસીગ, વેરીફીકેશન અને એપ્રુવલની કામગીરી એક જ કાઉન્ટર ઉપરથી થાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

**(ક) શીખાઉ લાયસન્સ (Learning License) ની મુદ્દત પૂર્ણ થઈ ગઈ હોય તેવા કિસ્સામાં કરવાની થતી કાર્યવાહી:**

તા. ૨૧.૦૩.૨૦૨૦ થી તા. ૩૧.૦૭.૨૦૨૦ સુધી જે અરજદારોના લાયસન્સની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય અથવા પૂર્ણ થનાર હોય તેવા અરજદારો તા. ૩૧.૦૭.૨૦૨૦ સુધી ડ્રાઈવીંગ લાયસન્સનો ટેસ્ટ આપી શકશે. જેના માટે કોઈ વધારાની ફી અરજદાર કક્ષાએથી ભરવાની રહેશે નહીં.

રાજ્યમાં લોકાડાઉન દરમ્યાન આરટીઓ કચેરી અને આઈટીઆઈ કચેરીઓ શિખાઉ લાયસન્સ ઈસ્યુ કરવાની કામગીરી માટે બંધ હતી. આ સંજોગોમાં ઓનલાઈન એપોઈમેન્ટ લેવાની જવાબદારી જે તે અરજદારની રહેશે. કારણ કે, અત્રેથી ફાળવેલ એપોઈમેન્ટ અરજદારને અનુકૂળ પણ ન હોય તો અરજદાર ઉપસ્થિત રહી શકે નહીં તેમજ અરજદાર ઈચ્છા પ્રમાણે એપોઈમેન્ટ મેળવે તો અરજદાર અનૂકૂળ તારીખ અને સમયે હાજર રહી શકે.

વધુમાં, જે આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં આવે છે તેમજ સંસ્થાના ઉપયોગ કવોરેઈનટાઈન સેન્ટરમાં કરવામાં આવેલ છે તેવી ઈન્સટીટયુટ ખાતે શિખાઉ લાયસન્સની કામગીરી થશે નહીં. આવી ૯ સંસ્થાઓની યાદી **પરિશિષ્ટ-૪** ઉપર સામેલ રાખેલ છે.

**(ખ) વાહનોના ફીટનેશ સંબંધિત સૂચનાઓ**

ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય ધ્વારા તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી વાહન અને લાયસન્સના દસ્તાવેજોની વેલીડીટીમાં મુકિત/છૂટછાટ આપવામાં આવેલ છે. ફીટનેશ સંબંધિત ડી.એ. કેસોની વસુલાત નિયત થયેલ કેમ્પમાં કરવાની રહેશે. જેથી કરીને અલગ અલગ કામ માટે કચેરી ખાતે અરજદારોએ આવવાની જરૂરીયાત રહે નહીં.

દરમિયાન સંબંધિત કચેરીઓએ ફીટનેશની કામગીરી માટે જિલ્લા અથવા તાલુકા કક્ષાએ ખુલ્લા મેદાનમાં અલગથી કેમ્પો/સ્થળો નકકી કરી લેવાના રહેશે. આ ફીટનેશ કેમ્પના સ્થળો અને તારીખમાં પ્રચાર-પ્રસાર સોશીયલ મીડીયા મારફત કરવાનો રહેશે અને ટ્રાન્સપોર્ટ એસોસીએશનને જાણ કરવાની રહેશે. કચેરીઓએ ફીટનેશ થયેલ કામગીરીનુ વીડીયો રેકોડીંગ કરાવવાનુ રહેશે. આ કામગીરી માટે કલેકટર કચેરી ધ્વારા મે-૨૦૧૯ માં ચૂંટણી દરમિયાન નકકી થયેલ ભાવ પ્રમાણે ભાવોને માન્ય રાખવાના રહેશે. વીડીયો રેકોડીંગ સંબંધિત ખર્ચ કન્ટીઝન્સી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

વાહનના ફીટનેશ માટે Social-distancing અને વ્યવસ્થા જળવાઇ તે હેતુ નીચે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

| ફીટનેશ માટે વાહનોના નંબર પ્લેટના છેલ્લા આંકડા તેની સામે ફાળવેલ તારીખ |
| --- |
| છેલ્લાં આંકડાનો નંબર ૧ અને ૨ હોય તો તે વાહનને ફીટનેશ કેમ્પમાં આવવાની તા ૦૮,૧૫,૨૨-જૂન |
| છેલ્લાં આંકડાનો નંબર ૩ અને ૪ હોય તો તે વાહનને ફીટનેશ કેમ્પમાં આવવાની તા ૦૯,૧૬,૨૩- જૂન |
| છેલ્લાં આંકડાનો નંબર ૫ અને ૬ હોય તો તે વાહનને ફીટનેશ કેમ્પમાં આવવાની તા ૧૦,૧૭,૨૪- જૂન |
| છેલ્લાં આંકડાનો નંબર ૭ અને ૮ હોય તો તે વાહનને ફીટનેશ કેમ્પમાં આવવાની તા ૧૧,૧૮,૨૫- જૂન |
| છેલ્લાં આંકડાનો નંબર ૯ અને ૦ હોય તો તે વાહનને ફીટનેશ કેમ્પમાં આવવાની તા ૧૨,૧૯,૨૬- જૂન |

**(ગ) વાહનોના આર.સી. અને ડ્રાઈવીંગ લાયસન્સની વૈકલ્પિક વ્યવસ્થા**

કોરોના વાઈરસ મહામારી દરમ્યાન તેમજ તે અગાઉ નોંધાયેલા વાહનોની આર.સી.બુક અને ડ્રાઈવીંગ લાયસન્સને સ્માર્ટ કાર્ડના સ્વરૂપે ઉલબ્ધ કરાવામાં આવનાર છે. આ બન્ને દસ્તાવેજોની પોસ્ટ ખાતા મારફત વિતરણ પણ નિયત સમયે શરૂ થશે. તદઉપરાંત વાહન માલિક અને ડ્રાઈવીંગ લાયસન્સ ધારકને બન્ને દસ્તાવેજો સોફ્ટ નકલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. જે મુજબ આ બન્ને દસ્તાવેજો M Parivahan અને Digi locker માં ઉપલબ્ધ રહેશે. અરજદાર આ બન્ને દસ્તાવેજો ડાઉનલોડ કરી શકશે આ બન્ને દસ્તાવેજો મૂળ સ્વરૂપે સરકાર માન્ય કાયદેસર દસ્તાવેજો છે. આમ છતાં વાહન અને ડ્રાઈવીંગ લાયસન્સ સંબંધિત કામગીરી આરટીઓ કક્ષાએ Approved થયા બાદ અરજદારને સરકારશ્રી તરફથી SMS મોકલી આપવામાં આવશે. જેમાં આપેલ લીંક ધ્વારા વાહનની આર.સી.બુક/ડ્રાઈવીંગ લાયસન્સ ડાઉનલોડ/પ્રીન્ટ કરી શકાશે. જેનો પ્રોસેસ ફ્લો અત્રેની કચેરીની વેબસાઈટ – www.cot.gujarat.gov.in ઉપર રાખવામાં આવેલ છે. આ બન્ને દસ્તાવેજોને પોલીસ તથા આરટીઓ કચેરીઓએ એન્ફોર્સમેન્ટ અને કચેરી કામકાજ માટે માન્ય રાખવાના રહેશે.

**(ઘ) નોન-યુઝ પેસેન્જર બસોની રેકર્ડ અપડેશન**

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન સરકારશ્રી ધ્વારા નોન યુઝમાં મૂકવામાં આવતી બસોના એડવાન્સ વેરા ભરવામાંથી જાહેરનામા ધ્વારા મુકિત આપવામાં આવેલ છે. લોકડાઉન બાદ જયારે પણ અરજદાર વાહનને રીસ્ટોર કરવા માંગતા હોય ત્યારે રીસ્ટોરની કામગરી માટે રૂા.૧૦૦/- ફી પેટે ભરવા જરૂરી હોય આ ફી ભરવા માટે પ્રત્યેક વાહનના માલિકને આરટીઓ કચેરી' ખાતે નહી બોલાવતા એસોસીએશનના પરામર્શમાં એક જ વ્યકિત મારફત રીસ્ટોર કરવા માંગતા તમામ વાહન માલિકોને ફી એકત્રિત કરી વાહનને રીસ્ટોર કરવાનુ રહેશે. આ રીસ્ટોરેશનના તબકકે વાહન માલિકે ટેક્ષ ભરવાનો થશે નહીં આ ટેક્ષ ઓન લાઈન ભરવાનો હોય એડવાન્સ વેરા ભરવાની મુકિત માહે - એપ્રિલ અને મે માસની ટેક્ષ કલીઅર ડેટા એન્ટ્રી વાહન નોન યુઝમાં પૂર્ણ કરવાની રહેશે. અને જો આ વાહનની ડેટાએન્ટ્રી પૂર્ણ થયેલ હશે તો જ ઓન લાઈન પેમેન્ટ થઈ શકશે જેથી નોન યુઝ પેસેન્જર બસોના રેકર્ડ અપડેશનની કાળજી રાખવા જણાવવામાં આવે છે.

**અન્ય**

આરટીઓ કચેરી ખાતે કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા સારૂ આપના ધ્વારા Social-distancing, અંગત સ્વચ્છતા, કચેરીની સ્વચ્છતા, એપોઈમેન્ટ પધ્ધતિ, ઓન લાઇન પેમેન્ટ તેમજ ફીટનેશની કામગીરીનું વિકેન્દ્રીકરણ કરવામાં આવેલ છે. આમ છતાં આરટીઓ કચેરીમાં ઓછામાં ઓછા લોકો મુલાકાત લે તે પ્રમાણેનું આયોજન અપેક્ષિત છે. અરજદારની ઈન્કવાયરી માટે લેન્ડ લાઇન ટેલીફોન, ઈન્કવાયરી વીન્ડોને કાર્યરત કરવાની રહેશે. અત્રેથી જેની ખાત્રી પણ કરવામાં આવશે.

જે સેવાઓ માટે અરજદાર રાહ જોઇ શકાય તેમ હોય તો તેવા અરજદાર આરટીઓ કચેરી ખાતે ઉપસ્થિત રહે નહી તેનો પણ પ્રચાર પ્રસાર કરવાનો રહેશે. આર.સી.બુક, ડ્રાઈવીંગ લાયસન્સ અને ફેશલેસ સેવાઓનું પણ રોજેરોજ સુપરવીઝન મોનીટરીંગ કરવાનુ રહેશે. જેથી માહિતી કે પૃચ્છા માટે કોઇ વ્યકિત/અરજદાર આરટીઓ કચેરી ખાતે બિનજરૂરી મુલાકાત લે નહીં.

**વાહન વ્યવહાર કમિશનર,**
**વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,**
ગુજરાત રાજય,ગાંધીનગર,

**નકલ સવિનય રવાના:-**

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (રાજયકક્ષા), વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

પરિશિષ્ટ-૯

## How to book Appointment in VAHAN

⇩

**Go To Parivahan.gov.in**

⇩

**Online services**

⇩

**Vehicle Related Services**

⇩

**Other states**

⇩

**Other Online Services**

⇩

**Appointment**

⇩

**Book Appointment**

⇩

**Insert Application Number**

⇩

**Select Appointment Date and Click on Slot Details**

⇩

**Select Required Slot timing**

⇩

**Click on Book user Details**

⇩

**Print Appointment letter**

## How to book Appointment in VAHAN

⇩

**After Successful Fee payment Click on Book Appintment button**

⇩

**Select Appointment Date and Click on Slot Details**

⇩

**Select Required Slot timing**

⇩

**Click on Book user Details**

⇩

**Print Appointment letter**

ડ્રાઇવીંગ લાયસન્સ સમ્બંધિત સર્વિસિસ લેવા(નામ ફેરફાર, સરનામા ફેરફાર વિગેરે જેવી નોન-ફેસલેસ સર્વિસિસ સેવાઓ મેળવવા

https://parivahan.gov.in/parivahan/ વેબસાઇટ પર જાઓ

ઓનલાઇન સર્વિસિસમાં ડ્રાઇવીંગ લાયસન્સ રીલીટેડ સર્વિસમાં જાઓ

એપ્લાય ઓનલાઇનમાં SERVICES ON DRIVING LICENCE પર ક્લિક કરવું

ડ્રાઇવીંગ લાયસન્સ નમ્બર અને જન્મ તારીખ આપી GO બટન પર ક્લિક કરવું

ડ્રાઇવીંગ લાયસન્સની વિગતો ચકાસી, રાજ્ય અને કચેરી સીલેક્ટ કરી Proceed પર ક્લિક કરવું

ડ્રાઇવીંગ લાયસન્સની વિગતોની ખરાઇ કરી confirm પર ક્લિક કરવું

મોબઇલ નમ્બર અને ઓ.ટી.પી આપી ઇ-કે.વાય.સી. કરવું

જરૂરી સર્વિસ સિલેક્ટ કરી Proceed પર ક્લિક કરવું

ફોર્મ સબમીટ થતાં અરજી ક્રમાંક જનરેટ થશે જે નોંધી લેવો

જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાં

ફોટો અને સહિ અપલોડ કરવાં

ઓનલાઇન ફી પેમેંટ કરવું

આર.ટી.ઓ. ની મુલાકાત લેવા અપોઇંટ્મેંટ બુક કરવી

તમારી અરજીની પ્રીન્ટ મેળવી લેવી

અપલોડ કરેલ અસલ દસ્તાવેજ અને અરજીની પ્રીન્ટ લઇ અપોઇંટ્મેંટના દિવસે આર.ટી.ઓ. કચેરી જવું

દસ્તાવેજ ચકાસણી કરાવવી- જો કોઇ દસ્તાવેજ અયોગ્ય હોય તો પુન: અપલોડ કરવા

ફોટો અને સહી કેપ્ચર કરાવવા

તમારું અરજી ફોર્મ જમા કરાવી દો- સ્માર્ટ કાર્ડ ડ્રાઇવીંગ લાયસન્સ થોડા દિવસમાં સ્પીડ પોસ્ટ દ્વારા આપના સરનામે પહોચશે

## પરિશિષ્ટ-૨

## ઓન લાઈન એપોઈમેન્ટ મેળવવા માટે વાહન અને ડ્રાઈવીંગ લાયસન્સ સંબંધિત નોન ફેશલેસ સેવાઓની યાદી

| ક્રમ | લાયસન્સ સંબંધિત સેવાઓ | વાહન સંબંધિત સેવાઓ |
|---|---|---|
| ૧ | ડ્રાઈવીંગ ટેસ્ટ | વાહન માલિકીમાં ફેરફાર |
| ૨ | ડ્રાઈવીન્ગ લાયસન્સમાં સરનામા ફેરફાર | સરનામામાં ફેરફાર |
| ૩ | ડ્રાઈવીન્ગ લાયસન્સમાં નામમાં ફેરફાર | બોજો દાખલ કરવો |
| ૪ | ઈન્ટરનેશલ ડ્રાઈવીન્ગ લાયસન્સ પરમીટ (આઈ.ડી.પી.) | બોજો ચાલુ રાખવો |
| ૫ | ભયજનક મટીરીઅલનુ વહન ડ્રાઈવીંગ લાયસન્સનું એન્ડોર્સમેન્ટ | વાહનની પુનઃ નોંધણી કરવી |
| ૬ | ડ્રાઈવીંગ લાયસન્સમાં જન્મ તારીખમાં ફેરફાર | વ્હીકલ્સમાં ફેરફાર કરવો |
| ૭ | ડ્રાઈવીંગ લાયસન્સનો વર્ગ (COVS) સરન્ડર કરવો | અન્ય રાજય માટે એન.ઓ.સી. ઈસ્યુ કરવી |
| ૮ | પરદેશી નાગરિકોને લાયસન્સ ઈસ્યુ કરવુ | HSRP Fitment |

- **ઓનલાઈન એપોઈમેન્ટ મેળવ્યા સિવાય આરટીઓ ખાતે પ્રોસેસ થતી અરજીઓની વિગત**

(૧) ફીટનેશનું રીન્યુઅલ

(૨) વાહનમાં હેતુફેર

(૩) અન્ય રાજયના વાહનોની માલિકીમાં ફેરફાર અને નોંધણી

(૪) રજીસ્ટ્રેશન રદ કરવું

(૫) ફાઈનાસરને નવી આર.સી.ઈસ્યુ કરવી

(૬) વાહનનું નોન યુઝ કરવુ

(૭) નવી પરમીટ, ડુપ્લીકેટ અને રીન્યુઅલ

(૮) આર.સી. પરત મેળવવી

(૯) પાકા લાયસન્સમાં નવો વર્ગ ઉમેરવો (શિખાઉ લાયસન્સ પુરતું)

(૧૦) ડ્રાઈવીન્ગ લાયસન્સનું રીટેસ્ટ સાથે રીન્યુઅલ (શિખાઉ લાયસન્સ પુરતું)

| પરિશિષ્ટ - ૩<br>જીલ્લાવાર અરજીઓ ની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Sr. No. | RTO CODE | Office Name | No. of applications to be handled for Driving Licence related services(SARATHI-4.0)(Post transections) | DL test | | No. of applications to be handled for Vehicle related services(VAHAN-4.0)(Post transections) |
| | | | | 2w | 4w | |
| 1 | GJ01 | Ahmedabad | 150 | 150 | 75 | 200 |
| 2 | GJ02 | Mehsana | 150 | 150 | 75 | 100 |
| 3 | GJ03 | Rajkot | 150 | 150 | 75 | 160 |
| 4 | GJ04 | Bhavnagar | 150 | 150 | 75 | 100 |
| 5 | GJ05 | Surat | 150 | 150 | 75 | 200 |
| 6 | GJ06 | vadodara | 150 | 150 | 75 | 125 |
| 7 | GJ07 | Kheda | 100 | 100 | 50 | 100 |
| 8 | GJ08 | Banaskantha | 150 | 150 | 75 | 100 |
| 9 | GJ09 | Sabarkantha | 100 | 100 | 50 | 100 |
| 10 | GJ10 | Jamnagar | 150 | 150 | 75 | 100 |
| 11 | GJ11 | Junagadh | 100 | 100 | 50 | 100 |
| 12 | GJ12 | Kutch | 150 | 150 | 75 | 100 |
| 13 | GJ13 | Surendranagar | 100 | 100 | 50 | 100 |
| 14 | GJ14 | Amreli | 100 | 100 | 50 | 100 |
| 15 | GJ15 | Valsad | 100 | 100 | 50 | 100 |
| 16 | GJ16 | Bharuch | 100 | 100 | 50 | 100 |
| 17 | GJ17 | Panchmahal | 100 | 100 | 50 | 100 |
| 18 | GJ18 | Gandhinagar | 100 | 100 | 50 | 100 |
| 19 | GJ19 | Bardoli | 100 | 100 | 50 | 100 |
| 20 | GJ20 | Dahod | 100 | 100 | 50 | 100 |
| 21 | GJ21 | Navsari | 100 | 100 | 50 | 100 |
| 22 | GJ22 | Narmada | 75 | 100 | 50 | 75 |
| 23 | GJ23 | Anand | 100 | 100 | 50 | 100 |
| 24 | GJ24 | Patan | 100 | 100 | 50 | 100 |
| 25 | GJ25 | Porbandar | 100 | 100 | 50 | 100 |
| 26 | GJ26 | Vyara | 75 | 100 | 50 | 100 |
| 27 | GJ27 | Ahmedabad East | 100 | 100 | 50 | 100 |
| 28 | GJ30 | Aahwa | 75 | 100 | 50 | 75 |
| 29 | GJ31 | Aravalli | 100 | 100 | 50 | 100 |
| 30 | GJ32 | Veraval | 75 | 100 | 50 | 75 |
| 31 | GJ33 | Botad | 75 | 100 | 50 | 75 |
| 32 | GJ34 | Chhota Udepur | 75 | 100 | 50 | 75 |
| 33 | GJ35 | Lunavada | 75 | 100 | 50 | 75 |
| 34 | GJ36 | Morbi | 75 | 100 | 50 | 75 |
| 35 | GJ37 | Khambhalia | 75 | 100 | 50 | 75 |
| 36 | GJ38 | Bavla | 75 | 100 | 50 | 75 |
| | | **TOTAL** | **3800** | **4050** | **2025** | **3660** |

# પરિશિષ્ટ-૪

| Sr. No. | District | Taluka | [illegible] | [illegible] ITI (Yes/No) | Remarks |
|---|---|---|---|---|---|
| 1 | MEHSANA | KADI | KADI | NO | Staff is under quarantine |
| 2 | MEHSANA | SATLASANA | SATLASANA | NO | ITI is in containment zone |
| 3 | BOTAD | BARWALA | BARWALA | NO | ITI is in containment zone |
| 4 | JUNAGADH | BHESAN | BHESAN | NO | ITI is in containment zone |
| 5 | JUNAGADH | MENDARDA | MENDARDA | NO | COVID 19 quarantine facility at ITI |
| 6 | AHMEDABAD | AHMEDABAD CITY | SARASPUR (AHMEDABAD) | NO | ITI is in containment zone |
| 7 | VALSAD | VAPI | VAPI | NO | ITI is in containment zone |
| 8 | HIMMATNAGAR | HIMMATNAGAR | GP, HIMATNAGAR | NO | ૦૭/૦૪/૨૦૨૦ થી ૦૫/૦૫/૨૦૨૦ સંસ્થાની બન્ને હોસ્ટેલ ક્વોરન્ટાઈન સેન્ટર તરીકે ઉપયોગમાં લેવામાં આવતાં સંસ્થામાં આવશ્યક સેવા સિવાયની વ્યક્તિઓ માટે પ્રવેશ નિષેધ |
| 9 | AHMEDABAD | AHMEDABAD | RCTI, AHMEDABAD | NO | ૨૪/૩/૨૦૨૦ થી તા. ૧૯/૪/૨૦૨૦ સુધી સંપૂર્ણ બંધ તા. ૧૭/૪/૨૦૨૦ થી સંસ્થાની બન્ને હોસ્ટેલ ક્વોરન્ટાઈન સેન્ટર તરીકે અ.મ્યુ.કો. દ્વારા ઉપયોગમાં લેવામાં આવતાં સંસ્થામાં આવશ્યક સેવા સિવાયની વ્યક્તિઓ માટે પ્રવેશ નિષેધ |